# ન્યુ વાવોલમાં ગટરનું દુષિત પાણી ઉભરાતા ભારે હાલાકી

ગાંધીનગર, તા.૨૮

ન્યું વાવોલ વિસ્તારમાં હાલ નર્કાગાર જેવી સ્થિતિનું નિર્માણ થયું



છે. છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં ગટરોના ગંદા પાણી ઉભરાતા ખદબદતી ગંદકી વચ્ચે ગમે ત્યારે રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત પ્રવર્તી છે. ન્યુ વાવોલની સોસાયટી વિસ્તારમાં અતિશય દુર્ગંધ મારતા માર્ગ પરથી પસાર થવુ પણ મુશ્કેલ બની ગયું છે. ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. ગટર ઉભરાતી બંધ તંત્ર દ્વારા નહી કરવામાં આવે તો ચોમાસાની સિઝનમાં પરિસ્થિતિ વધુ વકરે તેવી દહેશત નાગરીકોમાં સેવાઈ રહી છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા ગટરના ઉભરાતુ દુષિત પાણી બંધ થવા પામ્યું નથી.જેને પરિણામે નાગરીકોમાં રોષ ફેલાયો છે.



શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. સેકટરોમાં ગટરોની સમસ્યા ડામવા માટે તંત્ર પાસે મશીનરીનો અભાવ હોવાનું સ્પષ્ટ થયું છે. ત્યારે સેકટરના નાગરીકોની ફરિયાદ સાંભળવા સુવિધા કચેરીમાં પણ ફરિયાદ સાંભળનાર કોઈ નથી. ત્યારે ન્યું વાવોલ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાએ વિકરાળ સ્વરુપ ધારણ કર્યુ છે. ત્યારે ન્યું વાવોલની ગ્રીનસીટી, ગ્રીનપાર્ક, શાલીન ૧ થી ૫, સંકલ્પ રોયલ, મિહીર પાર્ક, કેશવપાર્ક, માધવન સહિતની સોસાયટી તેમજ ફલેટ આવેલા છે જેમાં હજ્જારો વસાહતીઓ વસવાટ કરે છે. આ વિસ્તારમાં દુર્ગંધયુકત માહોલ વચ્ચે ગંદકી ખદબદતી જોવા મળી છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ પણ વધી જવા પામ્યો છે. ચોમાસાની સિઝનમાં પરિસ્થિતિ વધુ વકરે તેવી દહેશત સેવાઈ રહી છે. નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે છતા તંત્ર દ્વારા કોઈ પગલા ભરવામાં આવ્યા નથી. નાગરીકોએ દુષિત પાણી અંગે અનેકવાર તંત્રને લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે. છતા હજુ સુધી કોઈ નકકર પરિણામ આવ્યું નથી. વસાહતીઓ પોતાના બાળકોને આ ગંદકીને પગલે ઘરની



બહાર પણ જવા દેતા નથી. ત્યારે આ ગટરના પાણી ઉભરાતા બંધ થાય તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ગભરાવ નહી... તમારો ગુરૂ જ છું... ગુરૂપૂર્ણિમા માટે શક્તિ પ્રદર્શનનું રિહર્સલ કરું છું... આજકાલ કોમ્પીટીશન કેટલી વધી છે...!!!

# ના હોય... પીવાના પાણીના નળમાંથી કબુતરના પીંછા નીકળ્યા...!

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૨૩ બી ટાઈપ વિસ્તારના એક બ્લોકમાં પીવાના પાણીના નળમાંથી છેલ્લા પાંચ દિવસથી કબુતરના પીંછા નીકળી રહ્યા છે. કબુતરના પીંછા નીકળતા સ્થાનિક વસાહતીઓ હેરાન થઈ ગયા છે. બી ટાઈપના વસાહતીઓને મીનરલ વોટર લાવીને પોતાની તરસ છીપાવી રહ્યા છે. સુવિધા કચેરીના કર્મચારીઓએ તાજેતરમાં પાણીની લાઈનમાં ખોદકામ કરીને મૃત કબુતર બહાર કાઢ્યું હતું. પરંતુ ગણતરીના દિવસોમાં ફરીવાર સમસ્યા સર્જાતા નાગરીકોની ફરિયાદને અનુલક્ષી ઉચ્ચ અધિકારીઓ પણ સેકટર-૨૩ ખાતે દોડી ગયા હતા.

**સેકટર-૨૩ બી ટાઈપમાં છેલ્લા પાંચ દિવસથી આ સમસ્યા સર્જાઈ છે**

ગાંધીનગર શહેરમાં પાણીનો પ્રશ્ન હંમેશા નાગરીકોને સતાવે છે. કયાંક ઓછા ફોર્સથી પાણી મળે છે તો ક્યાંક વધુ પાણી મળતુ હોવાથી બગાડ પણ થાય છે. શહેરમાં છેલ્લા બે દાયકાથી પાણી ઉપરના મજલે પહોંચ્યું નથી. પાણીનો કકળાટ યથાવત રહેવા પામ્યો છે. ત્યાં જ સેકટર-૨૩ માં ૧૪૫-૩ ખાતે રહેતા વસાહતીના ઘરે નળમાંથી આવતા પાણીમાં કબુતરના પીંછા આવે છે. ડહોળુ પાણી અને કબુતરના પીંછા આવતા વસાહતીએ સુવિધા કચેરીને જાણ કરી હતી. જયારે કેટલાક આસપાસના મકાનોમાં તો પાણી જ આવતુ નહોતુ. જેને પરિણામે કર્મચારીઓએ પાણીની લાઈનમાં ખોદકામ કરતા મૃત કબુતર મળી આવ્યું હતું. ત્યારે ગણતરીના દિવસોમાં ફરીવાર કબુતરના પીંછા આવતા નાગરીકો હેરાન થઈ ગયા છે. પીવા માટે વસાહતીઓને મીનરલ વોટર મંગાવવુ પડે છે. ફરીવાર સમસ્યા સર્જાતા કર્મચારીઓ આવીને ખોદકામ કરી ગયા છે અને ઉચ્ચ અધિકારીઓનું પણ ધ્યાન આ અંગે દોરવામાં આવ્યું છે. સેકટર-૨૩માં બી ટાઈપમાં પાણીના ધાંધિયાને લઈ ખાડો ખોદી ને પીવાના પાણીની લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યુંછે. જયારે અધિકારીઓ પણ બુધવારના રોજ સ્થળ તપાસ માટે જવાના છે. વસાહતીઓના પીવાના પાણીમાં પીંછા નીકળતા ચિંતાગ્રસ્ત બન્યા છે. પાણીની લાઈનનું રીપેરીંગ કામ હાથ ધરાશે અને ચોખ્ખું પાણી આવ્યા બાદ જ પીવા માટે પાણીનો ઉપયોગ કરીશુ તેમ વસાહતીઓએ જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● રાજ્ય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા ઉજાલા કાર્યક્રમમાં ભાગ લેવા સરઢવ પહોંચ્યા હતા.

● ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન અને પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા હિમાંશુ પટેલના જન્મદિવસની ઉજવણી ગઈકાલે મધરાત્રે જાહેરમાર્ગ પર શુભેચ્છકો, સ્નેહીજનો અને મિત્રોએ સાથે મળી ઉજવી હતી.

● ગાંધીનગર આઈ. એમ. એ. અને પોલીસ-એસઆરપીની ટીમો વચ્ચે આજે સે. ૧૫ કોલેજના ગ્રાઉન્ડ પર મેચ યોજાશે.

● ગાંધીનગર મેલેરિયા અધિકારી મમતા દત્તાણીએ આજે ડિસ્ટન્સ લર્નિંગથી એમ.એસ.સી.ની પરીક્ષા જયપુર યુનિ.માંથી પાસ કરી છે. આજે જાહેર થયેલ પરિણામમાં તેમણે ૬૪.૭૦ ટકા ગુણાંક પ્રાપ્ત કર્યા છે. આ અગાઉ તેમણે એપીડેમીયોલોજીસ્ટની પરીક્ષા પણ પાસ કરી હતી.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ ૩૦મીની સામાન્ય સભાને લઈ અધિકારીઓની બેઠક યોજી અને તૈયારીની સમીક્ષા કરી હતી.

● જિલ્લા કલેકટરે ૧૦ જેટલા નાયબ મામલતદારો તાલિમમાં જતાં તેમની જગ્યાના વધારાના હવાલો સોંપતા હુકમો જારી કર્યા છે.

● રાંધેજા પ્રા. શાળામાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક નહિ હોવાની ગ્રામજનોએ પંચાયત પ્રમુખને રજુઆત કરી છે.

# સુકૃત પરિવારના યુવાનોએ આશ્રમ શાળાના બાળકોને આનંદ કરાવ્યો

### ધમાસણા અને તેરસાના પરાની આશ્રમ શાળાઓના ૩૦૦ બાળકોને શૈક્ષણિક કીટ, રમતગમતના સાધનોનું વિતરણ કરાયું : આખો દિવસ બાળક સાથે પસાર કરી વિવિધ રમતો-સ્પર્ધાઓ રમાડી

ગાંધીનગર, તા.૨૮

સુકૃત પરિવાર ચેરીટબલ ટ્રસ્ટના યુવાનોએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ ધમાસણા ખાતેની





આશ્રમ શાળા તથા તેરસાના પરા ખાતેની આશ્રમશાળાના ૩૦૦ વિદ્યાર્થીઓ સાથે આનંદમય સમય વિતાવ્યો હતો. આ દરમિયાન યુવાનોએ આ શાળાઓના બાળકોને શૈક્ષણિક કીટ અને રમતગમતના સાધનોનું વિતરણ કર્યુ હતું.

સંસ્થાના યુવા સ્વયંસેવકોએ શાળાના બાળકો માટે ચિત્ર સ્પર્ધા, શૈક્ષણિક કવીઝ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કર્યુ હતું. આ સ્પર્ધામાં વિજેતા બાળકોને સ્કુલ બેગ, રમત ગમતના સાધનો, બોર્ડ, સ્કેચપેન-કલર્સ જેવી અનેક ઉપયોગી ચીજવસ્તુઓ ભેટમાં આપી બિરદાવ્યા હતા. બંને શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ ભણતર લક્ષી સાધન સામગ્રીની કીટ દરેક વિદ્યાર્થીને આપી હતી. આશરે ૩૦૦ બાળકોને આ શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં નોટબુક-ચોપડા, પેન્સિલ રબર, પેન, સંચો, ફુટપટ્ટી, પાઉચ અને પાણી માટેની બોટલનો સમાવેશ કરાયો હતો. આ ઉપરાંત દરેક બાળકને ફળો, બિસ્કીટ, ચોકલેટસ વગેરે આપીને ખુશ કરાયા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના ૩ યુવાનોએ ભણતરના મહત્વ વિષયે સુંદર નાટક પ્રસ્તુત કર્યુ હતું તેમજ બાળકોને 'શાળા શા માટે જરૂરી?' વિષયે જ્ઞાન પીસવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને જીવનમાં સ્વચ્છતાનું કેટલું મહત્વ છે તે પણ સમજાવવામાં આવ્યું હતું. આ યુવાનોએ બાળકો સાથે સ્વાદિષ્ટ પાઉંભાજી અને ગુલાબજાંબુનું ભોજન પણ માણ્યું હતું. યુવાનો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ મારફતે શિક્ષણ પ્રત્યે જાગૃતિ આણવાનો આ નવીન પ્રયાસ ખરેખર પ્રેરણાદાયી છે.

# આજે તાલુકા પંચાયતની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૨૮

આજે ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા તેના નવનિર્મિત સભાખંડમાં મળશે.

તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં સભ્યોને વિસ્તાર વિકાસ માટે આપવામાં આવતી ગ્રાન્ટ જે રૂ. ૫ લાખ છે તેમાં વધારો કરી રૂ. ૭ લાખ કરવા અંગે નિર્ણય લેવામાં આવશે.

આ બેઠકમાં વિરાતલાવડી ગામે તાજેતરમાં થયેલા કોલેરાના કેસો પછી લિકેજીસ મરામત અને ટેન્કરનો જે કંઈ ખર્ચ થયો તે પંચાયતની નબળી સ્થિતિને ધ્યાને રાખી તાલુકા પંચાયત ઉઠાવશે તે અંગે પણ નિર્ણય થશે.

તાલુકા પંચાયતની આ સામાન્ય સભા બાદ સત્યનારાયણ ભગવાનની કથાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સારા વરસાદ માટે ભગવાન પાસે પ્રાર્થના કરાશે તેમજ લોકોનું સ્વાસ્થ્ય સારૂ રહે તે માટે પણ પ્રાર્થના કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની કચેરીમાં સભાખંડ નવનિર્મિત થયો હોવાથી સભ્યોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# કોંગ્રેસ દ્વારા વીજળીના ભાવ વધારા સામે વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ દ્વારા સમગ્ર રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી મોંઘવારી, ભાવવધારો, શિક્ષણના વ્યાપારીકરણ સહીત અનેક મુદ્દાઓ પરત્વે નિષ્ફળ





નીવડેલી રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરીને વિજબીલોની હોળી કરવાનો કાર્યક્રમ ગાંધીનગર સ્થિત ટોરેન્ટ પાવર ખાતે જે પ્રસંગે પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણા, ધારાસભ્ય કામીનીબેન રાઠોડ, બાબુસિંહ ઝાલા, જગતસિંહ ઝાલા, ભરતભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ, માનાજી મારવાડી, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા, રાજેન્દ્રસિંહ ચાવડા, જયંતીભાઈ પટેલ, સવીતાબા ડાભી, ભાવના પરમાર, મંગળસિંહ સોલંકી, બાબુજી ઠાકોર, જયરાજસિંહ વાઘેલા, અંકિત બારોટ, અશ્વિન ટાપરિયા, રાકેશ જાની, હર્ષજિત પંડ્યા, અશોક શ્રીમાળી, જયમીન શુકલ, વિરેન્દ્રસિંહ ઝાલા, વિષ્ણુભાઈ પટેલ, વિમલાબેન વેગડા, લલીતાબેન ઠાકોર, વિજય સોલંકી, અરૂણ પરીખ, ઉર્પલ જોશી, કરણસિંહ પરમાર, અશોકસિંહ ગોહેલ, ગણપતસિંહ મુખી, અશ્વિન દવે, મિતુલ જોષી, મગનભાઈ પરમાર, ઈશ્વરભાઈ દેસાઈ સહિત અનેક મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહીને વીજળીના ભાવવધારા સામે વિરોધ પ્રદર્શન કરી આક્રમક દેખાવો કર્યા હતા.

# સ્થાનિક ચૂંટણી : મતદાન માટે રજા આપવા આદેશ

આગામી ૧૦મી જુલાઈ-૨૦૧૬, રવિવારના રોજ બનાસકાંઠા જિલ્લાની થરા નગરપાલિકા, દેવભૂમિ દ્વારકા જિલ્લાની ઓખા નગરપાલિકા તેમજ જુનાગઢ, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, પાટણ, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા, અમદાવાદ અને ખેડા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની વિવિધ વોર્ડની પેટા ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. આ ચૂંટણમાં મતદાન માટે કર્મચારીઓને યોગ્ય રજા આપવાની રહેશે. મતદાનના દિવસે રાજય રાષ્ટ્રીય સ્તરની અતિ આવશ્યક સેવાઓ જેવી કે ગ્રામીણ બેંકો, રાષ્ટ્રીય અને ખાનગી બેંકો, સહકારી બેંકો, રેલવે, ટેલીફોન, ટેલિગ્રાફ અને પોસ્ટ ઓફિસ, દુકાનો, ધંધાકારી સંસ્થાઓ, હોટલ્સ, ઔદ્યોગિક યુનિટસ, ફેકટરીઓ, હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડની સેવાઓ રવિવારના રોજ રજા હોવા છતાં પણ ચાલુ હોય છે.

ખારેક
કચ્છની દેશી પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ છે.
કૃષિભવનની આગળ
મો. ૯૫૧૦૧૧૭૫૮૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ